ફોજદારી કેસ નંબર
આંક નું સાંધણ

**-:: ઠ રા વ ::-**

**૧.** આ કામના આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હા મુજબનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. આજ રોજ ૧૩ મી જુલાઈ ના રોજ શનીવાર ની જાહેર રજા હોય પરંતુ સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટી ધ્વારા સદર સ્પેશ્યલ સીટીંગ નું આયોજન હોય જે અન્વયે આજ રોજ ન્યાયીક હુકમ કરી શકાય,જે સંજોગોમાં આરોપી હાજર થતાં, આરોપી ને પોલીસ તપાસ ની નકલ આપ્યા ની ખાત્રી કરવામાં આવેલ, આરોપી ને સદર ગુના બાબતે પુછવામાં આવતા , સદરહુ ગુન્હો કબુલ કરી પ્રથમ ગુન્હો હોવાનું તથા ગરીબ, કુટુંબ-કબીલાવાળા માણસ હોવાનું જણાવે છે અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો ન કરવાની કોર્ટને બાંહેધરી અને ખાત્રી આપે છે.

૨. આરોપી જણાવે છેકે ભુલ થી સદર બનાવ બનેલ છે, હવે હું ટ્રાફીક ને અડચણ થાય તેવુ કૃત્ય નહિ કરું જે અન્વયે મને માફ કરશોજી, અને આરોપી ધ્વારા જણાવવામાં આવેલ છેકે '' હું આ કામે હવે બીજી વખતે ભુલ થી પણ આવો ગુનો નહિ કરું, અને તે ખાત્રી આપુ છું, વધુ માં આપ સાહેબ ને હું જાહેર કરું છું કે અગાઉ મે આ મુજબ ના ગુના માં સંડોવાયેલ નથી તેમજ અગાઉ મને આ મુજબ ના ગુના માં સજા કરવામાં આવેલ નથી '', વધુ માં આરોપીને સજા અંગેની જોગવાઈની સમજ આપવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપી સદર ગુન્હો કબુલ કરતા હોય, આરોપીની કબુલાત સ્વૈચ્છિક જણાઈ આવે છે.

૩. કેસના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગેના નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫ જી.એલ.આર. પાના નં. ૭૦૯ ઉપર પ્રકાશિત ચૂકાદાના માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા, આરોપી ને ઓછી સજા કરવી ન્યાયોચિત જણાય છે. જેથી આરોપીને સુધરવાની તક મળે તે હેતુથી અને કેસના સંજોગોને ધ્યાનમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

**-:: હુ ક મ ::-**

૧. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ: ૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતા ની કલમ ૨૮૩ મુજબ ના ગુના માં દોષિત ઠરાવી આરોપી ને રૂા. ૧૦૦/-( એક સો રુપીયા) નો દંડ નો હુકમ કરવામાં આવે છે

૨. જો આરોપી દંડ ની રકમ ભરવામાં કસુર કરે તો આરોપી ને ૩ (ત્રણ ) દિવસ ની સાદી કેદ ની સજા નો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ મેજિસ્ટ્રેટ તરીકે ની સ્પેશ્યલ સીટીંગ માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ,
તા. ૧૪/૧૨ /૧૯.

(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,અમદાવાદ
કોર્ટ નંબર ૯, Unique Code No. GJOO854.